અંબાજીધામને હરિયાળો અને આકર્ષક બનાવવા

# શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષતામાં બનાસ ડેરીએ શરૂ કર્યું સીડબોલ મહાઅભિયાન

**બનાસ ડેરીનું સીડબોલ મહાઅભિયાનઃ ૧ કરોડ સીડબોલનું વાવેતર કરી અંબાજીનાં પર્વતોને હરિયાળા બનાવવાની પીએમ મોદીની ઈચ્છાને પરિપૂર્ણ કરશે ચેરમેન શંકરભાઈ ચૌધરી : શ્રદ્ધા અને ભાવપૂર્વક વૃક્ષ ઉછેરનું પવિત્ર કામ કરીને પ્રકૃતિનું જતન કરવા અધ્યક્ષનો અનુરોધ**

અંબાજી, તા. ૨૨

બનાસ ડેરી દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે કુદરતી સૌંદર્ય એવા પર્વતો પણ હરિયાળા બને તે અભિગમ સાથે સીડબોલ મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે રીતે જેસોર પર્વતોને હરિયાળા બનાવવાના પ્રયાસ કરાયો હતો, એજ રીતે આ વર્ષે પણ માનનીય ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને ૫૧ શક્તિપીઠ પરિક્રમા દ્વાર, ગબ્બર (અંબાજી) ખાતે સીડબોલ મહાઅભિયાન



અંતર્ગત ૧ કરોડ સીડબોલ વાવેતરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ખેતી અને પશુપાલન આધારિત બનાસકાંઠા જિલ્લાને 'ગ્રીન બનાસકાંઠા' બનાવવાના ઉમદા અભિગમ સાથે સતત ત્રીજા વર્ષે પણ **"One more, Seed ball"** નાં સંકલ્પ જોડે આગળ વધી બનાસ ડેરી દ્વારા સીડબોલ રોપણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ચેરમેનશ્રીએ બૃહદ બનાસકાંઠા જિલ્લાના ૧૬ તાલુકાની ખેડૂતોની ટીમોને સીડ બોલનું વિતરણ કરી આ અભિયાનની શરૂઆત કરાવી હતી. લોકભાગીદારી સાથે બનાસ ડેરી દ્વારા ગાય-ભેંસના છાણ અને કાંપવાળી માટીમાંથી સીડબોલ બનાવમાં આવ્યા હતા. આ સીડબોલમાં અલગ-અલગ પ્રકારના વૃક્ષોના બીજ મૂકીને તેને પેક કરવામાં આવ્યા હતા. અલગ-અલગ ટુકડીઓ બનાવીને સીડબોલને પહાડો અને જંગલ વિસ્તારમાં ફેકવામાં કરવામાં આવ્યા. અંબાજી યાત્રાધામની આજુબાજુ આવેલ પર્વતો તેમજ ૫૧ શક્તિપીઠોને વધુ હરિયાળા બનાવવા જિલ્લાનાં ૧૬ તાલુકાનાં ખેડૂતો, પશુપાલકો તેમજ બનાસડેરીના કર્મચારીઓ અને પર્યાવરણ પ્રેમીઓની ભાગીદારી સાથે સીડબોલનું વાવેતર કર્યું. આ સીડબોલ ચોમાસામાં આપોઆપ કુદરતી રીતે અંકુરિત થઈને ઘટાદાર જંગલમાં પરિવર્તિત થઈ જશે. સીડબોલ મહાઅભિયાન સંદર્ભે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, શક્તિપીઠ અંબાજી મંદિરનું ડેવલોપમેન્ટ વધુ થાય તેવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોમોદીજી ની આસ્થા રહી છે અને તેને પરીપુર્ણ કરવાં બનાસ ડેરી તત્પર બની છે. બનાસડેરીની આ ઝુંબેશ પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરશે. અંબાજીનાં યાત્રાધામનાં પર્વતો પર સીડબોલનાં વાવેતરથી મંદિરની આજુબાજુનો વિસ્તાર હરિયાળો અને રમણીય બનશે. યાત્રાધામની સુંદરતામાં વધારો થશે તેમજ શક્તિપીઠોની શોભા વધશે. બનાસકાંઠા જિલ્લાની અંદર બનાસ ડેરીએ સીડબોલ મહાઅભિયાન શરુ કર્યું હતું, લોકોની ભાગીદારીથી એ અભિયાન આજે વિરાટ બની ગયું છે. જ્યાં માણસ ન પહોંચી શકે ત્યાં ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી સીડ બોલ વાવીને વનરાજીનો વિસ્તાર



વધારવો છે. જિલ્લાને હરિયાળો બનાવવા બનાસ ડેરીના માધ્યમથી છેલ્લા ત્રણેક વર્ષથી ખેડૂતોએ અભિયાન ઉપાડ્યું છે. ટેક્નોલોજીના માધ્યમથી પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરવું છે. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ભૂતકાળમાં આપણો જિલ્લો જંગલોથી ભરપૂર હરિયાળો હતો, આ જિલ્લાને ફરીથી લીલોછમ હરિયાળો બનાવવા માટે વધુમાં વધુ વૃક્ષ વાવી વૈચારિક ક્રાંતિ લાવવી છે. આ પ્રસંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી ભાવાભાઈ રબારી, બનાસ ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટરઓ, નાયબ વન સંરક્ષક પરેશ ચૌધરી, દાંતા પ્રાંત અધિકારી અને અંબાજી મંદિરના વહીવટદાર સિદ્ધિ વર્મા સહિત વન વિભાગ અને બનાસ ડેરીના અધિકારી- પદાધિકારીઓ અને ખેડૂતો સારી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિતિ રહ્યા હતા.

# બાયડની શ્રીજીચરણ સોસાયટીમાં મહિલાઓ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી

**યોગ હવે વૈશ્વિક આંદોલન બન્યું છે જે સમગ્ર સંસારને જોડે છે**





બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૨

બાયડની શ્રીજીચરણ સોસાયટીમાં તા.૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની મહિલાઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે મહિલાઓએ વિવિધ યોગ કરી યોગ હવે વૈશ્વિક આંદોલન બન્યું છે જે હવે સમગ્ર સંસારને જોડે છે તેમ જણાવ્યું હતું. સોસાયટીના રહીશ નિશાબેન રોશનભાઈ પટેલની નિગરાની હેઠળ મહિલાઓ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સામેલ થયા હતા તેમજ યોગને જનજન સુધી પહોંચાડવા સંકલ્પ લેવાની સાથે યોગ કરો, નિરોગી રહોના જયઘોષ કર્યા હતા. યોગ કરવાથી શરીરમાં સ્ફૂર્તિ અને તંદુરસ્તી જળવાઈ રહે છે અને સોસાયટીના તમામ સભ્યો દરરોજને યોગને પોતાનો ગુરૂ મંત્ર બનાવે તેવા પ્રયાસ કરવાનો પણ ઉપસ્થિત મહિલાઓએ સંકલ્પ લીધાનું જાણવા મળ્યું છે.

## ડીસામાં ભગવાન જગન્નાથની શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી

અષાઢી બીજે ડીસા ખાતે શહેરના સહુથી પ્રાચીન રામજી મંદિરથી રથયાત્રા નીકળી હતી. આ યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી.યાત્રાના ૬ કિલોમીટર લાંબા રુટ પર ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.શહેરના પ્રાચીન રામજી મંદિરથી નીકળેલી આ શોભાયાત્રા રિસાલા મંદિરથી એસ. સી. ડબલ્યુ. ચાર રસ્તા, અંબિકા ચોક,હવાઈ પિલ્લર બાદ સાઈબાબા મંદિર પહોંચી હતી. જ્યાંથી ભગવાન જગન્નાથની શોભાયાત્રા નિયત રુટ પર આગળ વધી હતી.

# બાયડ તાલુકામાં બોગસ ખેડૂતનું ભૂત ધૂણતાં અનેક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ જેલના સળીયા પાછળ ધકેલાય તેવી દહેશત

**બિલ્ડર ખેડૂત ખાતેદારના પુરાવા રજૂ ન કરતાં ગણોત ધારા મુજબ નોટિસ અપાશે : અનેકના પગ નીચેથી ધરતી ફસ્કે તેવી સ્થિતિ**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૨

બાયડ તાલુકામાં ફરી એકવાર બોગસ ખેડૂતનું ભૂત ધૂણતાં તપાસ અવળે પાટે નહીં ચઢે અને સાચી વિગતો બહાર આવશે તો અનેક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ જેલના સળીયા પાછળ ધકેલાય તેવી દહેશત છે. તાજેતરમાં તાલુકાના બિલ્ડરે અન્ય એક બિલ્ડરને જમીન વેચાણ આપ્યા પછી ફાઈલ જમીન એન.એ. માટે પહોંચી ત્યારે ખેડૂત ખાતેદાર તરીકેના વેચાણ આપનાર પાસે પુરાવા માંગવા છતાં પુરાવા આપ્યા નહીં જેના કારણે તપાસ ઉભી થઈ છે અને બિલ્ડર ખાતેદારને પુરાવા રજૂ ન કરતાં ગણોત ધારા મુજબ નોટિસ અપાશે અને ત્યારબાદ જિલ્લા કલેક્ટર દ્વારા આ અંગે નિર્ણય લેવાશે તેમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકામાં જમીનોના ભાવ આસમાને પહોંચ્યા છે. અનેક બિલ્ડરોએ ગરજવાનોને શીશામાં ઉતારવામાં કશું બાકી રાખ્યું નથી. કેટલીય સ્કીમોમાં ઘર ખરીદીને સ્વપ્નનું ઘર ખરીદનારા પાંહે પાંહે રડતા હોય તેવી સ્થિતિ છે. પરંતુ હવે કુદરતે પણ આવા કેટલાક બિલ્ડરોનો ખેલ કરી નાખ્યાની સ્થિતિ આવી છે. મળતી જાણકારી અનુસાર બાયડ તાલુકાના એક બિલ્ડરે કરોડો રૂપિયામાં જમીન વેચ્યા પછી ખરીદનાર દ્વારા પ્લોટ પાડવા માટે જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ જમીન એન.એ. કરવા માટે ફાઈલ મોકલવામાં આવી હતી પરંતુ મૂળ જમીન વેચનાર પાસે ખેડૂત ખાતેદાર કેવી રીતે બન્યા તે અંગેના પુરાવા માગ્યા અને નિર્ધારીત સમયમાં પુરાવા આપવામાં નિષ્ફળ જતાં અનેક પ્રકારની અટકળો થઈ રહી છે. આમાં પણ બોગસ ખેડૂત જેવું તો નહીં હોય ને..?? તેવી કાનાફૂંસી પણ સ્વાભાવિક છે. જ્યારે તંત્રએ પણ કોઈપણ કારણોસર ત્વરીત પગલાં ભરવાના બદલે બિલ્ડર ખેડૂત ખાતેદારના પુરાવા રજૂ ન કરવા છતાં લાંબા સમયથી ધીમી ગતિની તપાસે અનેક વમળ ઉભા કર્યા પરંતુ હવે તંત્ર પણ એક્શનમાં આવી ગયું છે અને ખેડૂત ખાતેદાર તરીકેના પુરાવા રજૂ કરવા તાકીદ કરવામાં આવશે અને આ અંગે ગણોત ધારા મુજબ નોટિસ ઈસ્યુ થઈ રહી છે અને ત્યારબાદ આવેલા જવાબ અનુસાર જિલ્લા કલેક્ટર કાર્યવાહી કરશે તેમ જાણવા મળ્યું છે અનેક લોકો પોતાના કરતૂતો છૂપાવવા ભાજપનો ખેસ ધારણ કરી પવિત્ર થવાનો ખેલ ખેલી રહ્યા છે પરંતુ કાયદાકીય ચુંગાલ કોઈપણ પણ છોડતી નથી તે ઝડપથી સ્વીકારવું પડશે.

**મામલતદારને તપાસ સોંપવામાં આવી છે – બાયડ પ્રાંત અધિકારી**

બાયડ પ્રાંત અધિકારી ડાૅ.ભાર્ગવભાઈ પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે ખેડૂત દ્વારા પોતે ખેડૂત હોવાના પુરાવા નિર્ધારીત સમયમાં રજૂ ન કરતાં તેમની સામે જરૂરી કાર્યવાહી કરવા બાયડ મામલતદારને ગણોત ધારા મુજબ નોટિસ આપવા માટે જણાવવામાં આવ્યું છે અને જવાબ મળ્યા પછી ઉચિત કાર્યવાહી કરવામાં આવશે. ખોટું કરનારા કોઈને પણ છોડવામાં નહીં આવે તેમ મક્કમતાપૂર્વક જણાવ્યું હતું.

**જે તે સમયના મામલતદાર, સર્કલ, રેવન્યુ તલાટી સામે ગાળીયો મજબૂત બનશે**

બાયડ તાલુકામાં ફરી એકવાર બોગસ ખેડૂતનું ભૂત ધૂણ્યું છે અને જો તેમાં ખોટું થયું હશે તો જેતે સમયના મામલતદાર, સર્કલ ઓફીસર અને રેવન્યુ તલાટી સામે ગાળીયો મજબૂત થવાની ધારણા છે. છેલ્લા એક પખવાડીયાથી બાયડ તાલુકામાં બોગસ ખેડૂતનો મામલો ગરમાયો છે ત્યારે તેમની સાથે સંકળાયેલા કેટલાયના બ્લડપ્રેશર વધ-ઘટ થયાનું આંકલન થઈ રહ્યું છે.

# બાયડમાં સ્વ.શંકરલાલ ભાટીયાની પુણ્યતિથિ નિમિત્તે બાળકોને મીઠાઈનું વિતરણ

બાયડ, તા.૨૨

જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડના પ્રમુખ શૈલેષ ભાટીયાના પિતા શંકરલાલ એલ. ભાટીયાની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બાયડના લાખેશ્વરી વિસ્તારમાં આવેલા શૈક્ષણિક સંકુલમાં હોસ્ટેલમાં રહેતા છાત્રોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ સ્વર્ગસ્થની યાદમાં વૃક્ષારોપણ કરી હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા છાત્રો વૃક્ષોના ઉછેર માટે સંકલ્પબદ્ધ બન્યા હતા. કાર્યક્રમમાં મંત્રી રમેશભાઈ પટેલ, ફેડરેશન ઓફીસર કુમુદભાઈ ભાવસાર, યુનિટ ડાયરેક્ટર ગીરીશભાઈ પટેલ, પ્રિતમભાઈ પટેલ, શાળાના આચાર્ય આરીફભાઈ મિરઝા, મયૂરભાઈ જયસ્વાલ, ગૃહપતિ રાજેશપૂરી ગોસ્વામી સહિત શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.



**બનાસકાંઠાના**

# થરાદમાં પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં તાલુકા કક્ષાના "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ"ની ઉજવણી



પાલનપુર તા.૨૨

૨૧ મી જુન ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત થરાદ તાલુકામાં તાલુકા કક્ષાનો કાર્યક્રમ બનાસકાંઠા સાંસદશ્રી પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાયત્રી વિદ્યાલય, થરાદ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

આ પ્રસંગે સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દુનિયામાં સુખ-શાંતિ માટે સંયુકત રાષ્ટ્ર સમક્ષ ભારતની ભવ્ય યોગ પધ્ધતિનો સ્વીકાર કરવા સુચન કર્યુ હતુ.


જેને દુનિયાના દેશોએ સ્વીકાર કરતા આજે સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે તે આપણા માટે આનંદ અને ગૌરવની બાબત છે. તેમણે જણાવ્યું કે, નિયમિત યોગ અને પ્રાણાયામ કરવાથી શરીર અને મન પ્રસન્ન રહે છે તથા દિવ્ય ઊર્જા મળે છે. તેમણે કહ્યું કે, યોગ કરવાથી મુશ્કેશલીઓ અને ટેન્શન દૂર થાય છે અને આમ થવાથી દુનિયાભરમાં સુખ- શાંતિ આવી શકે છે.

આ પ્રસંગે થરાદ પ્રાંત અધિકારીશ્રી કે.એસ.ડાભી, થરાદ મામલતદારશ્રી દિલીપકુમાર દરજી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, થરાદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા ગાયત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓ શિક્ષકો અને આગેવાનોએ યોગ સાધના કરી યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. યોગ કાર્યક્રમ બાદશ્રી નરસિંહભાઈ ચૌધરી દ્વારા તમામને લીંબુ શરબત પીવડાવવામાં આવ્યો હતો.

**પાઠ્યપુસ્તક બોર્ડનો છબરડો**

# જિલ્લામાં ધો.૯ના પાઠ્યપુસ્તકનું કવર પેજ અંદરના પાનેથી ધો.૧૧નું પુસ્તક

**વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક જોઈને ચોંક્યા, ફરિયાદ ગાંધીનગર સુધી પહોંચી**




બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૨

જિલ્લાની સરકારી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે ત્યારે ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને અપાયેલા મફત પાઠ્યપુસ્તકોમાં ધો.૯ના પશુપાલન અને ડેરી વિજ્ઞાનના પુસ્તકમાં છબરડો વળ્યો છે. માત્ર કવરપેજ ધો.૯ નું અને અંદરનું તમામ સાહિત્ય ધો.૧૧ના નામાનાં મૂળતત્વોનું બહાર આવતાં પાઠ્યપુસ્તક જોઈને વિદ્યાર્થીઓ ચોંક્યા અને ફરિયાદ ગાંધીનગર સુધી પહોંચ્યાનું જાણવા મળ્યું છે.

મળતી જાણકારી અનુસાર રાજ્ય સરકાર દ્વારા પાઠ્યપુસ્તક મંડળ મારફતે ધો.૨ થી ૧૨ ના પાઠ્યપુસ્તકો પ્રિન્ટ કરાવી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને નવું શૈક્ષણિક સત્ર શરુ થાય તે પહેલાં શાળાઓને આપીને વિતરણ કરાતું હોય છે અને દર વર્ષે છબરડાની હારમાળા સર્જાતી હોય છે. વારંવાર પાઠ્યપુસ્તક મંડળની કામગીરી સામે આંગળીઓ ચિંધાતી હોવા છતાં કોઈ મોટો સુધારો આવતો નથી. તાજેતરમાં નવું શૈક્ષણિક સત્ર શરુ થયું અને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સરકારી શાળાઓમાં ધો.૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પશુપાલન અને ડેરી વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક આપ્યા પછી બાળકોએ અંદરનું પાનું ખોલ્યું ત્યારે કોઈ નવો અભ્યાસક્રમ જોઈને ચોંકી ઉઠ્યા. કેટલાક વિદ્યાર્થીઓએ વર્ગશિક્ષકને વાત કરતાં તેઓએ પુસ્તક નિહાળ્યું તો ચોંકી ગયા અને ધો.હ્ના પાઠ્યપુસ્તકમાં ધો.૧૧નું નામાનાં મૂળતત્વોનું પુસ્તક નિકળતાં ગંભીર છબરડો વળવા અંગે આચાર્યનું અને ત્યાર પછી ઉચ્ચ કક્ષાએ ધ્યાન દોરવામાં આવ્યું છે.

# બામણા સ્કૂલ - કોલેજ માં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૨૨

મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોશીની પાવન જન્મ ભુમી બામણા ગામમાં કાર્યરત સ્વ. એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને શ્રી. ડી.એમ.બી.પી. હાઈસ્કૂલ બામણા ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧/૦૬/૨૦૨૩ ને બુધવાર ના રોજ એન.એસ.એસ અંતર્ગત 'વિશ્વ યોગ દિવસ' ની ઉજવણી ઉત્સાહભેર યોજાઈ હતી.સ્કૂલ આચાર્ય જી.જી.પટેલ,કોલેજ પ્રિન્સિપાલ ડો. એન.આર.જોષી એ 'વિશ્વ યોગ દિન' ના મહત્વ વિશે અને જીવનમાં જરૂરિયાત બાબતે વિદ્યાર્થીઓને મહિતગાર કર્યા હતા.સ્કૂલ-કોલેજ સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ યોગ ક્રિયાઓ કરી હતી.કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.સંચાલન યોગ શિક્ષક વિષ્ણુભાઈ સોલંકી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર પ્રો. બ્રિજેશ પંચાલે કર્યું હતું.







# ભિલોડા તાલુકાની "કિશનગઢ હાઈસ્કૂલ"માં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી થઈ



ભિલોડા,તા.૨૨

ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં શ્રી નવચેતન હાઈસ્કૂલમાં તા. ૨૧મી જૂન આંતર રાષ્ટ્રીય વિશ્વયોગ દિવસની આનંદ, ઉલ્લાસભેર ઉજવણી યોજાઈ હતી.અરવલ્લી જિલ્લા ભાજપ આદિજાતિ સંગઠન મહામંત્રી ડો.રાકેશભાઈ બોડત,મેડિકલ ઓફિસર નેહાબેન જોષીયારા,સ્ટાફ પરીવાર,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , કિશનગઢ તેમજ કેળવણી મંડળના મંત્રી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.કિશનગઠ નવચેતન હાઈસ્કૂલ / આચાર્ય / એચ.એન.સિસોદિયા એ યોગ ને જીવનમાં નિયમિત બનાવી તંદુરસ્ત સમાજ બનાવવા પ્રતિજ્ઞા લેવડાવી હતી.વ્યાયામ શિક્ષક કે.જે.પટેલ એ વિશ્વયોગ દિવસ નું આયોજન કરી સુંદર માર્ગદર્શન આપ્યું હતું.





દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકારના સેવા સુશાસન અને ગરીબ કલ્યાણ ના નવ વર્ષ ના સફળ સુશાસન ની ઊજવણી ના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટીના યુંવા મોરચા ના પ્રદેશ અધ્યક્ષ પ્રશાંત ભાઈ કોરાટ ની ઉપસ્થિતિ માં પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારમાં આવેલા રામપુરા ચોકડી થી શરુ થયેલ બાઈક રેલી નું તલોદ ટી આર ચોકડી ખાતે સમાપન થયું હતું આ પ્રસંગે પ્રાંતિજ તલોદ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર તલોદ તાલુકા ભાજપ પ્રમુખ કલ્પેશ ભાઈ પટેલ એ પી એમ સી તલોદ ના ચેરમેન સંજય ભાઈ પટેલ તલોદ નગરપાલિકા ના પ્રમુખ પ્રકાશ સિંહ ઝાલા ઉપપ્રમુખ ઋતુલ પટેલ સહિત મોટી સંખ્યામાં યુવા મોરચા ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદના જે બી ઉપાધ્યાય હાઈસ્કૂલ ખાતે વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવ્યો



યોગ કરવાથી શરીર માં લગતા ફાયદા વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યકર માં તલોદ મામલતદાર, આરોગ્ય સ્ટાફ, પોલીસ સ્ટાફ, હોમ ગાર્ડ સ્ટાફ , તલોદ ઈન્ચાર્જ પી એસ આઈ બી ડી રાઠોડ , શિક્ષક ગણ, વિધાર્થીઓ હાજર રહી યોગ કરવામાં આવ્યા હતા.